
**ચંદુભાઇ સેદાણી-બાબરા**
કોઇપણ હાલતમાં પોતાની શક્તિ ઉપર અભિમાન ન કરવુ જોઇએ કારણ કે બહુ રૂપી આકાશ હર પળે હજારો રંગ બદલે છે
સુ વિ ચા ર

3 અમરેલી સત્યમેવ જયતે તા.૧૩-૧૧-૨૦૧૪ ગુરુવાર
AVADH TIMES DAILY
# અવધ ટાઇમ્સ

ખાઇમાં પડેલો માનવી બચીને ઉપર આવી શકે છે, પરંતુ અદેખાઇમાં પડેલો માનવી કયારેય ઉપર આવી શકતો નથી.


*નગરપાલિકાનાં સૌથી નાની વયનાં યુવાન નેતા જગદીશભાઇ નાકરાણીના અથાગ પ્રયત્નોથી*

# બાબરા પાલિકામાં સાડાત્રણ કરોડનાં ખર્ચે પાણી પ્રોજેકટ મંજૂર

**શહેરમાં ખુશીની લહેર સાથે નગરપાલિકાનાં પ્રમુખ-ઉપપ્રમુખ અને પાલિકા ટીમ ઉપર અભિનંદનની વર્ષા : હવે કરિયાણા સોનપરી પાણી પ્રોજેકટ નવા રૂપ રંગ ધારણ કરશે**



બાબરા,(દિપક સેદાણી) બાબરા નગરપાલીકાના સૌથી નાની વયના યુવા નેતા અને તરવરીય પ્રમુખશ્રી જગદીશ નાકરાણીએ તા.૧/૧૦/૧૩ થી નગર સેવા સદન બાબરા ના પ્રમુખશ્રી તરીકે ચાર્જ સંભાળી પોતાને ડ્રીમ પ્રોજેકટ બાબરા શહેર માટે વર્ષો જુનો બંધ પડેલ કરિયાણા ડેમ પાણી પ્રોજેકટ શરૂ કરવો અને બાબરા ગામના આંગણે ''રીવર ફ્ન્ટ'' યોજના જેમાંથી અથાગ મહેનત અને દિપ-દિર્ષ્ટ વાપરી અનેક સ્પીડબ્રેકરોનો મકકમતાથી સામનો કરી રૂપિયા સાડાત્રણ કરોડના ખર્ચે પ્રાઇવેટ કરિયાણા સોનપરી પાણી પ્રોજેકટ મંજુર કરાવ્યો પ્રમુખશ્રી જગદીશભાઇ નાકરણી ઉપપ્રમુખશ્રી વનરાજભાઇ વાળા અને નગરપાલીકા સદસ્યશ્રીઓના સુંદર સંકલન અને સ્ટાફ પરિવારના ઉમદા સહયોગથી બાબરા શહેરને ભવિભિષ્યમાં પણ નિયમીત પાણી મળી રહે તેવું નજરાણુ આર્શિવાદ સમાન કાર્ય કરેલ છે મહી પરીએજ પાણી ચાલુજ છે પરંતુ વર્ષો જુનો બંધ પડેલ મીઠો-મધુરો પાણીનો બાબરા ગામનોજ પ્રાઇવેટ સ્ત્રોત પુનઃશરૂ કરાવી નવા રૂપરંગ ધારણ કરશે અને એક ''સ્પેરવીલ''નુ કામ કરશે નગરપાલીકા ઉપર મહી પરીએજનું પાણી પમ્પીંગ કરવાનો ખર્ચ પણ ઘટશે કરિયાણા સોનપરી ડેમ પાસે નવોકુવો નવું પમ્પીંગ સ્ટેશન નવી ડી.આઇ.પાઇપલાઇન અંડરગ્રાઉન્ડ સંપ (ટાંકો) બનાવવાનું કામ હાથ ધરાશે કંઇક કરવાની તમન્ના સંપુર્ણ સાદગી અને ધગશ યુવાપ્રમુખશ્રી બાબરા અવધ ટાઇમ્સ કાર્યાલયની મુલકાતે આવેલ ત્યારે જોવા મળેલ જે બાબરા સ્થિત અમારા વરિષ્ઠ પ્રતિનિધીશ્રી દિપકભાઇ સેદાણીએ અખબારી યાદીમાં જણાવ્યુ છે

*અખબારી અહેવાલનાં પગલે તંત્ર સફાળુ જાગ્યુ*

## વડીયાની મેઇન બજારનો બ્લોક બનતા લોકોમાં હાશકારો

**ધારાસભ્યશ્રી પરેશભાઇ ધાનાણીએ ફાળવેલી ગ્રાન્ટમાંથી બ્લોક રોડ તૈયાર થતા લોકોની સમસ્યા દૂર થઇ**



તસવીર-જીતેશગીરી ગોસાઇ-વડિયા

વડીયા,વડિયાની મેઇન બજાર પર મસમોટા ખાડા અને ખાબડ ખીચડ સાંઢીયાની પીઠ જેવો રોડ હતો તેમજ ચોમાસા દરમીયાન દરરોજ એક વ્યક્તિ આ રોડ પર લાડવો ખાતા ત્યારે આ અંગે અખબારમા અહેવાલ પ્રસિધ્ધ થતા જ સફાળુ તંત્ર જાગ્યુ અને મેઇન બજારમાં સ્વામી નારાયણ મંદિર થી ચારણી રોડ સુધી ના રસ્તા પર બ્લોક નાખવામાં આવ્યા જયારે આ અંગે વડીયાના ધારાસભ્ય પરેશ ધાનણી સાથે વાત કરતા તેમણે જણાવેલ કે આ રોડ મે મારી એ.ટી.વી.ટીની ગ્રાન્ડમાં રજુયાત કરી પાંચ લાખ રૂપિયા મંજુર કરાવી આ રોડ પર બ્લોક નાખેલ છે તેમજ વડિયા નો મેઇન બજાર પુલ સાવ જર્જરીત છે તે અંગે પણ જીલ્લા માથી ૨૦ લાખ રૂપિયા મંજુર કરાવેલ છે આમા બન્ને તસવીર નજરે પડે છે પહેલાનો રોડ અને અત્યારનો નવો બન્યા બાદ

## વડીયામાં છેલ્લા સાત માસથી વૃધ્ધોએ સહાય મેળવવા કચેરીનાં પગથીયા સાવ ઘસી નાંખ્યા

**સરકારશ્રીના નિયમ મુજબ દર માસે રૂા.૪૦૦ની જાહેરાત છતા રાતીપાઇ પણ મળી નથી**

વડીયા,સરકારીશ્રીના નિયમ મુજબ ગત એપ્રિલ માસથી વૃધ્ધોને દરમાસે ચારસો રૂપિયા ચુકવવાની જાહેરાત કરવાામં આવેલ છે પરંતુ વડિયા તાલુકાના અંદાજે ચોપન વૃધ્ધો ને છેલ્લા સાતમાસથી રાતીઆની પણ આપવાામં આવેલ નથી એકતો માંડમાંડ ચાલીસકતા વૃધ્ધોએ સરકારી કચેરીનાં પગથીયા ઘસી નાખ્યા પણ તંત્ર દ્વારા માત્રને માત્ર આસ્વાસન જ મળેલ નિરાધાર વૃધ્ધ લોકો હવે દવાનાં પૈસા પણ ગામાં ઉધાર ઉછીના કહીને ચલાવે પણ તંત્રનાં પેટનું પાણી કયરે હલ સે તે એક મોટો પ્રશ્ન છે જયારે આ અંગે વડિયા મામલતદાર કચેરીનો સર્પક કરતા એવુ જાણવા મળેલ છે છેલ્લા એપ્રિલ માસમાં વૃધ્ધ સહાયની ગ્રાન્ટ પૈસા આવેલ હતા ત્યાર બાદ આ અંગે કોઇ સહાય આવેલ નથી પરંતુ તાજેતરમાં આ સહાય પેટે માત્ર બે હજાર રૂપિયાની ગ્રાન્ટ આવે છે તો બે હજારમાં કોને આપવિને કોને આપવિ ત્યારે વડિયાના વૃધ્ધો કહે છે અમોને તાત્કાલીક સહાય મળે તેમ યોગ્ય કરી આપો

## સતાધાર પરબ, બગદાણા, સોમનાથની એસટી બસોમાં ડીઝીટલ રૂટ બોર્ડની સુવિધા

**વેરાવળનાં સોની યુવાન અને ગુજરાતી ફિલ્મ અભિનેત્રી રાજશ્રી પંજાબી દ્વારા મેળાના યાત્રીકો માટે સ્તુત્ય કાર્ય**

વેરાવળ,જુનાગઢ પરીક્રમા તથા સોમનાથ કાતીકપુણીમાં નામેળામા યાત્રીકોને સુવીધા લક્ષી કાર્ય વેરાવળ ના સોની યગેશ પી. સતીકુંવર અને મુંબઇ ની ગુજરાતી ફિલ્મ દાદાને વ્હલી દીકરી અને માનવીતારા મોઘેરૂલ જેવી સામાજીક ફિલ્મની અભીનેત્રી રાજશ્રી (મીના )પંજાબી ના આર્થિક સહયોગથી જૂનાગઢ એસટી ડેપો મા યાત્રી કોને માહીતી આપતા બોર્ડ તથા મેળામાથી યાત્રી કોને સૈરાષ્ટ્રના તીર્થ ધામોમા જૂનાગઢ થી જતી બ સોમા ડીઝીલ રૂટબોર્ડ ની સુવીધા પરીક્રમા ના સોમનાથ દર્શન માટે આવતા યાત્રી કોને મળેલ છે.

મળેલ અહેવાલ મુજબ જૂનાગઢ પરીક્રમાના મેળામા દુરદુર થી આવતા યાત્રીકોને જૂનાગઢ એ સટી ડેપો મા દરેક પ્રકારની માહીતી મળી રહે તે હેતુ સર વેરાવળના સોની યોગેશ પી. સતીકુંવર અને મુંબઇની ગુજરાતી ફિલ્મની અભીનેત્રી રાજશ્રી (મીના) પંજાબીના સહતોગથી માહીતી બોર્ડ ૮+૩ નંગર જેમા કઇ બસ કયા થી ઉપડશે તેમજ બોડ નંર મેળામા આવતા યાત્રીકી નુ સ્વાગત બોર્ડ તેમજ જૂનાગઢ બસ સ્ટેન્ડ મા થી સૌરાષ્ટના યાત્રાધામ પરબ તુલશીશ્યામ સતાધાર બગદાણા સોમનાથ ચોટીલા માટેલ તેમજ રાજકોટ અમદાવાદ વડોદરા દાહોદ ભાવનગર તરફ જતી બસોમા ડીઝીટલ રૂટબોર્ડની સુવીધા મુંબઇ ની ગુજરાતી ફિલ્મ અભીનેત્રી રાજશ્રી ( મીના ) પંજાબી દ્વારા મળી છે અત્યાર સુધી બસોમા રૂટ ચોક થી લખાતા પણ ડેપો મેનેજર સંજય પરમાર દ્વારા નવી ટેકનોલોજી નાડીઝીટલ રૂટ બોર્ડ ની સુવીધા યાત્રી કોન આપવા મા વેરાવળ ના સોની યોગેશ પી.સતીકુંવર નીમદદતથી અભીનેત્રી રાજશ્રી ( મીના ) પંજાબી દ્વારા આર્થિક સહયોગ મળતા યાત્રી કોની સુવીધામા વધારો થયો છે.

## નાના માચીયાળામાં દલિત સમાજ સમૂહલગ્નોત્સવનું આયોજન

**દાતાશ્રીઓ અને જોડાવા ઇચ્છુકોએ સંપર્ક કરવા અનુરોધ : સમૂહલગ્નમાં ૧૧ નવદંપતિઓ પ્રભુતામાં પગલા પાડશે**

અમરેલી,

અમરેલીના માચીયાળામાં દલિત સમાજ દ્વારા સમૂહલગ્નોત્સવ યોજાનાર છે. અમરેલીનાં માચીયાળામાં સંતશ્રી ભોળીઆઇ સેવા ટ્રસ્ટ દ્વારા સમૂહલગ્નોત્સવ યોજાનાર છે. પાંચમા સમૂહલગ્ન તા.૨૬-૧-૧૫ મહાસુદ ૭ને સોમવારે યોજાશે. જોડાવા ઇચ્છુકોએ અને દાતાશ્રીઓએ નાના માચીયાળા ગામે સંસ્થાનો સંપર્ક કરવા જણાવ્યું છે. વધુ વિગતો માટે મહંતશ્રી કરશનભગત મો.૯૪૨૭૨૦૬૩૩૫ અથવા રમેશભાઇ ચાચીયા મો.૯૪૨૭૧૦૨૫૯૧નો સંપર્ક કરવા જણાવ્યું છે.

## સોમનાથ એસટી ડેપોમાં સ્ટાફ રૂમ અભાવે ડ્રાઇવરોને મુશ્કેલી

**સોમનાથથી નાથદ્વારા સુધીનો એસ.ટી બસ રૂટ એકાએક બંધ કર્યો**

સોમનાથ,સોમનાથ એસટી ડેપોમાં દુર દુરથી બસો લઇ આવતા ડ્રાઇવર-કંડકટર માટે સ્ટાફ રૂમની કોઇ સુવિધા નથી. યાત્રીકોને બેસવા માટે જગ્યા ખુબ નાની છે. પવિત્ર યાત્રાધામ સોમનાથ એસટી ડેપોનું જૂનુ બસસ્ટેન્ડ તોડી નાખ્યુ અને એક હોલ યાત્રીકો માટે બનાવ્યો પરંતુ ડ્રાઇવરો આરામ કરી શકતા નથી. ડ્રાઇવર-કંડકટરને બસમાં જ સુવાનો વારો આવે છે. મચ્છરો, ગરમીનો સામનો કરવો પડે છે.બીજી તરફ નાથદ્વારા રૂટ પણ બંધ કરી દેતા મુશ્કેલી છે. તત્કાલ વ્યવસ્થા કરવા લોકમાંગણી ઉઠી છે.

## ચલાલા અંધ ગૌશાળામાં ગૌદાન અપાયું

**મુંબઇ નિવાસી પ્રભુદાસભાઇ સાદરાણીના સુપુત્રની સેવા**

ચલાલા,ચલાલા ગૈશાળા માં ગૌમાતાનુ દાન આપવામાં આવ્યું હતુ.ચલાલા અંધ ગૈશાળા મા મુંબઇ નીવાસી શ્રી પ્રભુદાસભાઇ તુલસીદાસભાઇ સાદરાણી ના સુપુત્રો શ્રી સતીષભાઇ અને શ્રી કમલેશભાઇ ના પરીવારજનોએ તા ૭/૧૧/૨૦૧૪ ના રોજ શાસ્ત્રોકત વિધી સાથે ગૈદાન કરેલ આ ધાર્મિક પ્રસંગે લો મહારાજ પ્ર.શ્રી મહેન્દ્રભાઇ સાદરાણી શ્રી નરેન્દભાઇ સાદરાણી ત્રીવેણી સંગમ ના સંચાલક શ્રી શરદભાઇ જોબનપુત્રા શ્રી દીનેશભાઇ ચંદારાણા ગૈશાળા ટ્રસ્ટ ના ટ્રસ્ટી શ્રી ડાયાભાઇ પટેલ , બાબુભાઇ ભાલાળા ધંધુકીયાભાઇ દીલીપભાઇ તેમજ ગાયોની સેવા કરતા યુવાનોએ હાજરી આપી હતી.તા ૯/૧૦/૨૦૧૪ ના રોજ મોટી ગૈશાળા મા શારીયાધાર નિવાસી હાલ અમદાવાદ રહેતા શ્રી કુરજીભાઇ કાનજીભાઇ જીવાણી પરીવાર તરફથી ગૈદાન કરવામા આવેલ ગૈદાન પ્રસંગે નીમીતે જમણનું આયોજન રાખવામા આવેલ તેમા ચલાલા પટેલ સમાજ ના અગણીઓએ બહોળી સંખ્યા મા હાજરી આપી હતી

આ પ્રસનગે અનુસંધાન મા શ્રી શરદભાઇ જોબનપુત્રા એ જણાવેલ કે ભારતીય સંસ્કૃતિ મુજબ ગૈ.ગંગા .ગૌરી નું રક્ષણ કરવુ તે દરેક ભારતીય નીપવિત્રફરજ તેમજ ધર્મ છે. આ વાત ને શ્રી એ.પી.પંડયા શ્રી સાથે ત્રીવેણી સંગમ ના તમામ સભ્યોએ આવકારી હતી તેમ પ્રકાશભાઇ કારીયાની યાદી મા જણાવેલ છે.

## બાબરામાં તાલુકા ક્ષત્રિય ઠાકોર સેનાનું નૂતન વર્ષ સ્નેહમિલન સંમેલન યોજાશે

**સ્નેહ મિલન સંમેલનમાં પ્રદેશ પ્રમુખ અલ્પેશજી ઠાકોરની ઉપસ્થિતિ**

બાબરા ( પ્રતાપભાઇ ખાચર)બાબરા તાલુકા ક્ષત્રિય ઠાકોર સેનાનુ સ્નેહમિલન સમેલન પ્રદેશ પ્રમુખ અલ્પેશજી ઠાકોરની ઉપસ્થીતીમાં મળેલ છે.બાબરા બતાલુકા ઠાકોર સેના સ્નેહમિલન સંમેલન પ્રદેશ પ્રમુખ ક્ષત્રિય ઠાકોર સેનાના અલ્પેશજી ઠાકોર ની ઉપસ્થિતિમાં આગામી તા ૧૩/૧૧ /૨૦૧૪ ને ગુરૂવાર બપોરના ૩૦.૦૦ આ સંમેલનમાં સંગઠન બનાવવા ની તેમજ એકતા વધારવા એક બીજા નો પરિચય કેળવવા માટે રાખેલ છે તો બાબરા તાલુકા નાં ચુવાળીયા ઠાકોર સમાજ ને પધારવા નિમંત્રણ પાઠવવા માં આવેલ છે તેમ અમારા પ્રેસ પ્રતિનિધી પ્રતાપભાઇ ખાચર ની યાદી મા જણાવાયુ છે.

## મોટાભમોદરામાં શ્રધ્ધાસુમન અર્પણ

અમરેલી,સાવરકુંડલાનાં મોટાદભમોદરાના યુવાનનુંનિધન થતા શ્રધ્ધાસુમન અર્પણ કર્યાહતા. સેવાભાવી દરબાર શ્રી વનરાજબાપુનાં ભત્રીજા અને સ્વભાવે માયાળુ યુવાન સીરાજભાઇના નિધનથી ભારે ખોટ પડી છે. શોકસભામાં વિવિધ ક્ષેત્રનાં આગેવાનો ગ્રામજનોએ દિલસોજી પાઠવી હતી. માજી મંત્રી પ્રવિણસિંહ બાપુ, નવીનચંદ્ર રવાણી, ડાયાભાઇ પટેલ, કાળુભાઇ, જાદવભાઇ શેઠ, અમરૂભાઇ, કીશનભાઇ, જસુભાઇ, નરેશભાઇ, વનરાભાઇ તથા નાથાભાઇ, રામભાઇ વીછીયા, માજી સરપંચ રામભાઇ વગેરે ઉપસ્થિત રહ્યા હતા સુરત સોશ્યલ ગૃપનાં કાળુભાઇ તથા વનરાજબાપુ, રમેશભાઇપટેલે સેવા પ્રવૃતિ બિરદાવી હતી.

## ઢાંક પંથકમાં ટેકાનાં ભાવે કપાસની ખરીદી કરવા માંગણી

ઢાંક, ઢંક પંથકમાં ટેકાનાં ભાવે કપાસની ખરીદી કરવા સહકારી અગ્રણી બાદુરભાઇ માંકડે માંગણી કરી છે.ઉપલેટા તાલુકાના ઢાંક પંથકમાં કપાસનો ભાવ ટેકાના ભાવે ખીરીદી કરવા આ પંથકના ખેડુતો ઓ માંગણી કરેલ છે.ખેડુતો દ્વારા મોઘામોલ કપાસની ખેતીમાં બિયારણ ખાતર મજુરી જેવા ખર્ચા કરી રાત દિવસ જોયા વગર જીવને જોખમે કપાસ ઉત્પાદન કરી રહયા છે તેમાય કુદરતી વાતાવરણ મીનીવાવા જોડુ હુડ હુડ આવતા મોટા ભાગનો કપાસ બળી ગયો હતો અત્યારે થોડા ઘણો કપાસ ઉભો છે ત્યારે ખેડુતોને કપાસ વેપારી ઓ દ્વારા પાણીના ભાવે ખરીદી કરી શોષણ કરાય છે હાલ ખેડુતોને કપાસ ખર્ચ ગણતા રૂ ૧૦૦૦ ની ચે કપાસ વેચવો પોસાતોનથી સીસઆઇ દ્વારા ટેકાના ભાવથી કપાસ ખેડુત પાસેથી ખરીદી અને તેની ઉપર રાજય સરકાર મણ દીઠ રૂ/ ૨૦૦ સબસીડી આપે તેવી માગણી કરાઇ છે. ખેડુતોને પોષણ ક્ષમ ભાવોમળીરહે તે માટે ગુજરાત સરકાર ટેકાના ભાવથી કપાસની પરીદી કરે તેવી ઢાંક પંથકના મેરવદર પ્રાંસલા ગઇછે ૧/૬ રાજપરા સહિત ગ્રામ્ય વિસ્તાર વતી ઢાંક કાઠી ક્ષત્રિય સમાજના અગ્રણીઅને ઢાંક સહકારી મંડળીના ઉપપ્રમુખ બાદુર ભાઇ માંકડે જોરદાર રજુઆત કૃષિ મંત્રી બાબુભાઇ બોખરીયાને કરી છે

*એસ.પી.શ્રી મકરંદ ચૌહાણ દ્વારા વધુ એક નવતર અભિગમ*

## અમરેલી જિલ્લાના ચાર સેન્ટરોમાં ચાલકમિત્ર યોજના રીક્ષા ચાલકોને પોલીસ દ્વારા તાલીમ આપવાનો પ્રારંભ

**અકસ્માત ન સર્જનાર રીક્ષા - છકડો ચાલકનું થશે સન્માન : રીક્ષા ચાલકને પ્રાથમિક સારવારની તાલીમ અપાશે : અમરેલી, કુંડલા, રાજુલા, લાઠી, બાબરામાંથી પ્રારંભ**

અમરેલી,

અમરેલી જિલ્લાના પાંચ સેન્ટરોમાં અમરેલીના એસ.પી.શ્રી મકરંદ ચૌહાણ દ્વારા રીક્ષા- છકડો ચાલકોને તાલીમ આપી અને ચાલક મિત્ર બનાવવની યોજના અમલમાં મુકવામાં આવી છે.જાણવા મળતી વિગતો અનુસાર અમરેલી જિલ્લામાં માર્ગો ઉપર સલામતી જળવાઇ રહે અને અકસ્માતો ના બનાવો બનતા અટકે તેવા હેતુથી પોલીસ મિત્રની જેમ જ ચાલક મિત્ર નામથી યોજના અમલમાં મુકાવી છે આજથી અમરેલી, રાજુલા, કુંડલા અને લાઠી-બાબરા વિસ્તારમાં આંટા રીક્ષા અને છકડો રીક્ષા ચાલકોને ઉતારૂઓન સલામત રીતે બેસાડવા અને પરિવહન કરવા તથા માર્ગમાં જો અકસ્માત થાય અથવા તો કોઇ પણનો અકસ્માત થયો હોય તો ૧૦૮ની રાહ જોવા વગર રીક્ષા ચાલક અકસ્માત ગૃહસ્તની સારવાર કરી શકે તેવી તાલીમ આપી ફસ્ટ એઇડ બોકસનો ઉપયોગની તાલીમ અપાશે તથા આરટીઓ પાસેથી વિગત લઇ પાંચ વર્ષમાં એક પણ અકસ્માત કે ટ્રાફિક નિયમીત વિરૂધ્ધનું કામ ન કર્યુ હોય તેવા સજાગ રીક્ષા ચાલકને સન્માનીત કરવાનું પણ આયોજન કરાયુ છે.આજથી રીક્ષા ચાલકોને ટ્રાફિકને લગતી ફિલ્મ તૈયાર કરાવીને બતાવી તાલીમનો પ્રારંભ કરી દેવાયો છે.

**અકસ્માતો ન સર્જાય તેની તકેદારી રાખવા માટે અને ટ્રાફિકના નિયમોનું પાલન થાય તેને માટે ચાલક મિત્ર યોજના અમલમાં મુકાઇ**

## ધારીના પાણીયામાં વિજળી ત્રાટકી અને વાછરડાને ભડથુ કરી નાખ્યો

**સમી સાંજનો બનાવ એક ખેત મજુરનો ચમત્કારીક બચાવ થયો**

દલખાણીયા (યોગેશ સોલંકી),ધારીના દલખાણીયા નજીકના પાણીયા ગામે આજે સાંજના અશોકભાઇ વાળાના વાછરડાની ઉપર વિજળી પડતા સ્થળ ઉપર જ વાછરડાનું મોત નિપજયુ હતુ. વાડીએથી પરત આવતી વખતે આ બનાવ બન્યો હતો.બે વાછરડા એક પાડુ (ઢોરનું ધણ) તથા એક ખેત મજુર સીમથી ગામમાં આવી રહ્યા હતા ત્યારે ગામના પાદરમાં જ વિજળી પડી હતી અને ખેતમજુરનો તથા ધણનો બચાવ થયો હતો.

*ચીતલ રોડ સોસાયટી વિસ્તારોનાં રહીશોના સહયોગથી સર્વે પિતૃઓનાં મોક્ષાર્થે*

# અમરેલીમાં શ્રીમદ્ ભાગવત જ્ઞાનયજ્ઞ

**ચીતલરોડ ગુરુકૃપાનગરનાં પટાંગણમાં શ્રીમદ્ ભાગવત જ્ઞાનયજ્ઞનું આયોજન**

**ગુરુકૃપા મહિલા મંડળ, શિવશક્તિ મહિલા મંડળ, સીધ્ધી વિનાયક મહિલા મંડળ અને સિધ્ધેશ્વર મહિલા મંડળ, નંદનવન સોસાયટી, વૃન્દાવન સોસાયટી, ભાવકા ભવાની સોસાયટીનું સંયુક્ત આયોજન**

**જ્ઞાનયજ્ઞ નિમિતે વિવિધ ધાર્મિક પ્રસંગોની ઉજવણી : તડામાર તૈયારી**

અમરેલી,

અમરેલીના ચીતલ રોડ ગુરુકૃપા નગર -૨ના પટાંગણમાં સર્વે પિતૃઓનાં મોક્ષાર્થે શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ કારતક વદ ૭ને ગુરુવાર તા.૧૩-૧૧-૧૪ થી કારતક વદ ૧૨ને બુધવાર તા.૧૯-૧૧-૧૪ સુધી યોજાશે.

જેના વ્યાસપીઠ પરથી પ.પૂ.શાસ્ત્રી શ્રી સદાશિવદાદા (બાદલપરવાળા) બિરાજી સંગીતમય શૈલીમાં કથાનું રસપાન કરાવશે. દરરોજ રાત્રીના નામી અનામી કલાકારો દ્વારા સંતવાણી યોજાશે.

તા.૧૩-૧૧-૧૪ સવારે ૮-કલાકે હેમાદ્રી શ્રવણ તથા દેવપિતૃ પુજન અને બપોરે ૩ કલાકે પોથીયાત્રા નીકળશે.

ભાગવત જ્ઞાનયજ્ઞ નિમિતે, નૃસિંહ પ્રાગટય, વામન પ્રાગટય, ગોવર્ધન પુજા, રૂક્ષ્મણી વિવાહ, શ્રી રામ પ્રાગટય, શ્રી કૃષ્ણ પ્રાગટય(નંદ ઉત્સવ) તથા અન્ય ધાર્મિક પ્રસંગોની ઉજવણી થનાર છે.

ચિતલ રોડ ગુરુકૃપા નગર -૨ શેરીનં-૧માં સાવંજનીક પ્લોટ (વ્રજધામ) અમરેલી ખાતે સવારે ૯થી ૧૨ અને બપોરે ૩થી૬ કથાનો લાભ લેવા ગુરુકૃપા મહિલા મંડળ, શિવશક્તિ મહિલા મંડળ, સીધ્ધી વિનાયક મહિલા મંડળ, સિધ્ધેશ્વર મહિલા મંડળે જણાવ્યું છે.

## પ્રદેશ ભાજપ દ્વારા સંગઠન પર્વની કાર્ય શિબીર કોબા ખાતે યોજાઇ

**પ્રદેશ પ્રમુખ શ્રી આર.સી.ફળદુ, ડો.દિનેશ શર્મા,વી.સતીષજી, આનંદીબેન , શ્રી રૂપાલા, શ્રી મનસુખભાઈની વિશેષ ઉપસ્થિતિ**

અમરેલી,

પ્રદેશ ભાજપ કાર્યાલય "શ્રી કમલમ્" ખાતે સંગઠન પર્વની કાર્ય શિબીરનું આયોજન પ્રદેશ અધ્યક્ષ શ્રી આર.સી.ફળદુ, રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ પરશોતમભાઈ રૂપાલા, રાષ્ટ્રીય સહ સંગઠન મહામંત્રી વી.સતીષજી, પ્રદેશ પ્રભારી ડો.દિનેશ શર્મા, સંગઠન પર્વના પ્રદેશ ઈન્ચાર્જ મનસુખભાઈ માંડવીયા, મહામંત્રી ભીખુભાઈ દલસાણીયાની ઉપસ્થિતીમાં કાર્ય શિબીર યોજાઈ હતી. જેમાં અમરેલી જીલ્લામાંથી જીલ્લા ભાજપ પ્રમુખશ્રી મનસુખભાઈ સુખડીયા, શરદભાઈ લાખાણી, શરદભાઈ પંડયા, મનસુખભાઈ ભુવા, રામભાઈ સાનેપરા તેમજ અમરેલી જીલ્લા સંગઠન પર્વના ઈન્ચાર્જ વી.વી.વઘાસીયા, સહ ઈન્ચાર્જ તુષારભાઈ જોષી, રંજનબેન ડાભી ઉપસ્થિત રહયા હતા. જેમાં પ્રદેશ પ્રભારી ડો.દિનેશ શર્મા એ જણાવ્યુ હતુ કે લોકો ભાજપના કાર્યકર્તાઓ પાસે વિશેષ અપેક્ષા રાખે છે અને ભાજપનો કાર્યકર સંગઠનને મહત્વ આપે છે જેને જે કામ મળે તે નિષ્ઠાથી કરે છે માટે સશકત ભાજપા એ સશકત ભારત બનાવવા માટે જરૂરી છે. આ કાર્ય શિબીરમાં શ્રી વી.સતીષજીએ બુથમાં ઓછા માં ઓછા એક સો સભ્યો બનાવવાની ભલામણ કરી હતી. જયારે શ્રી આર.સી.ફળદુએ ગુજરાત સંગઠનની શિસ્તબધ્ધતા અને કર્તવ્ય નિષ્ઠા માટે દેશભરમાં પ્રસિધ્ધ છે તેમ જણાવ્યુ હતુ. શ્રી પરશોતમભાઈ રૂપાલાએ તેમની આગવી શૈલીમાં સંગઠનમાં સદસ્યતા એ આપણી ઉર્જા છે તેના થકી આપણે જીલી શકીએ છીએ તેમ જણાવેલ હતુ. આ કાર્ય શિબીરમાં ભાજપ પક્ષમાં નવા સદસ્યોની નોંધણી કરવી, મંડલ સ્તર સુધી ઈન્ચાર્જ–સહ ઈન્ચાર્જની નિમણુંક કરવી. આ સંગઠન પર્વ ૬ (છ) વર્ષનું હોવાથી તમામ કાર્યકર્તાએ પ્રાથમિક સદસ્યપદે પુનઃ નોંધણી કરાવવી સદસ્ય બનવુ પડશે. તેમજ આગામી દિવસોમાં જીલ્લા અને મંડલ સ્તર સુધી વર્કશોપ યોજાશે. આ વખતે સંગઠન પર્વની ઉજવણી કરવા માટે અને વ્યાપક સંગઠન માટે વિવિધ સમાજ સુધી પહોંચવા વિવિધ સેલ અને મોરચાઓને અને સહકારી ક્ષેત્રમાં કિશાન મોરચો અને સહકાર સેલ દ્વારા કામગીરી કરવામાં આવશે. સમાજના દરેક પ્રતિષ્ઠીત વ્યકિતને પ્રાથમિક સદસ્ય બનાવી પાર્ટીમાં જોડાશે. અને દરેક લોકોને આ કામમાં જોડવા આહવાન કરાશે. તેમ શૈલેષ પરમારની યાદીમાં જણાવાયુ છે.

*આગામી તા.૧૬ને રવિવારનાં રોજ*

## ગોપાલગ્રામમાં રક્તદાન અને સર્વરોગ નિદાન કેમ્પ યોજાશે

**લાયન્સ કલબ ઓફ અમરેલી સીટી તથા લેઉવા પટેલ સમાજ ટ્રસ્ટનું સંયુક્ત આયોજન : લાભ લેવા અનુરોધ**

લીલિયા,(અશોક વિરાણી) આગામી તા.૧૬-૧૧-૧૪ને રવિવારે ગોપાલગ્રામ પટેલ વાડીમાં ફ્રી સર્વરોગ નિદાન કેમ્પ તથા બ્લડ ડોનેશન કેમ્પ યોજવામાં આવશે.લાયન્સ કલબ ઓફ અમરેલી(સીટી) તથા લેઉવા પટેલ સમાજ ટ્રસ્ટનાં સંયુક્ત ઉપક્રમે તથા ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી અમરેલી જિલ્લાનાં સહયોગથી સર્વરોગ નિદાન તથા સ્વૈચ્છિક રક્તદાન કેમ્પનું આયોજન પટેલવાડી ખાતે તા.૧૬-૧૧-૧૪ને રવિવારે સવારે ૮-૩૦ કલાકે રાખવામાં આવેલ છે.આ સર્વરોગ નિદાન કેમ્પમાં ડો.અશોક એન પરમાર એમ.ડી.ફીજીશ્યન, ડો.વિરલભાઈ ગોયાણી, એમએસ સ્ત્રીરોગ નિષ્ણાત, ડો.પ્રદિપભાઈ ધડુક એમ.એસ પેટ આંતરડાના રોગના નિષ્ણાત, ડો.જીતભાઈ જોષી બીડીએસ દાંતનાં સર્જન, તથા ડો.કલ્પેશ ટાંક-ઓર્થોપેડીક હાડકાનાં નિષ્ણાત સેવા આપશે. આ સર્વરોગ નિદાન કેમ્પ તથા બ્લડ ડોનેશન કેમ્પનો ભાગ લેવા તેમજ પ્રોત્સાહન કરવા તથા શુભેચ્છા પાઠશાળા હાર્દિક આમંત્રણ આપેલ છે.

*વિશ્વ ડાયાબીટીસ દિન નિમિતે*

## અમરેલીનાં સુદર્શન નેત્રાલયમાં ડાયાબીટીસનાં દર્દીઓની આંખના પડદાની વિનામૂલ્યે તપાસ

**તા.૧૪ના રોજ કેમ્પનો લાભ લેવા હોસ્પિટલ દ્વારા અનુરોધ કરાયો**

અમરેલી,અમરેલી સુદર્શન નેત્રાલય દ્વારા વિશ્વ ડાયાબીટીસ દિન નિમિતે ડાયાબીટીસના દર્દીઓની આંખનાં પડદાની વિનામૂલ્યે તપાસ કરી અપાશે.વિશ્વ ડાયાબીટીસ દિન નિમિતે શ્રી નાગરદાસ ધનજી સંઘવી ટ્રસ્ટ સંચાલિત અમરેલી ખાતે આવેલ સુદર્શન નેત્રાલયમાં તા.૧૪-૧૧-૧૪ને શુક્રવારે સવારનાં ૮થી બપોરનાં ૪ વાગ્યા દરમિયાન વિનામૂલ્યે ડાયાબીટીસનાં દર્દીઓની આંખના પડદાની તપાસ માટે એમએન્ડ જે ઈન્સ્ટીટયુટ અમદાવાદ આંખનાં પડદાના નિષ્ણાત રેટીના ડોકટર ડો.પૂજાબેન બિલેરે સેવા આપશે. આ કેમ્પમાં દરેક દર્દીની ડાયાબીટીસની તપાસ વિનામૂલ્યે કરવામાં આવશે. નિષ્ણાત ડોકટરો દ્વારા આંખના પડદાની તપાસ કરી ડાયાબીટીસથી દર્દીઓની આંખના પડદાને થતુ નુકસાન અટકાવવા તથા થતી પ્રક્રિયાને મંદ કરવાની ચીકીત્સાની સલાહ સુચના પણ આપવામાં આવશે. કેમ્પનો લાભ લેવા સુદર્શન નેત્રાલય દ્વારા અનુરોધ કરવામાં આવેલ છે.

## સાવરકુંડલામાં સૌરાષ્ટ્ર કક્ષાની ભજન સ્પર્ધાનું ભવ્ય આયોજન

**શ્રી ડી.જે.ભટ્ટ યુવા વિકાસ કેન્દ્રનું આયોજન**

સાવરકુંડલા,

સાવરકુંડલામાં સૌરાષ્ટ્ર કક્ષાની ભજન સ્પર્ધા યોજાનાર છે.

શ્રી ડીજેભટ્ટ યુવાવિકાસ કેન્દ્રના ઉદ્ઘાટન પ્રસંગે સાવરકુંડલામાં સૈરાષ્ટ્રકક્ષાની ભજન સ્પર્ધામાં ૧૫થી૪૦ વર્ષની ઉમંર સુધીનાવિધાર્થીભાઈઓ તથાબહેનો ઉપરાંત નવોદિત ભજનિકો ભાગ લઈ શકશે.આ સ્પર્ધાનું પહેલું ઈનામ રૂ.૧૦૦૦/-બીજુંઈનામ રૂ.૫૦૦/-તથા ત્રીજું ઈનામ રૂ.૨૫૦/-છે . ઈનામની સાથે ત્રણેય વિજેતા ઓનું શાલ ઓઢાડીને જાહેર સન્માન કરવામાં આવશે ઉપરાંત બહારગામ સ્પર્ધકો માટે નિવાસ-ભોજનની વિનામુલ્યે સગવડ આપવામાં આવશે ઉપરાંત ક્રમ ત્રણ પછીઆવતા અન્ય ૮(આઠ) સ્પર્ધાકો ને આશ્વાસન ઈનામો આપવામાં આવશે આ અંગેની વધુ માહીતી માટે તથા પ્રવેશ ફોર્મ માટે કુરીયર ખર્ચનારૂ.૨૦/- ધર્મશંકરભાઈ ભટ્ટ કે.સાંઈ દર્શન કોમ્લેક્ષ મણીભાઈચોક, સાવરકુંડલા ( જિ.અમરેલી) મો. ૯૮૭૯ ૬૮૭૬૨૨)નામ-સરનામે મોકલવા જણાવવા માં આવેલ છે..

## જુનાગઢમાં લોકસંવાદ સેતુ કાર્યક્રમ યોજાશે

**મહાપાલિકા દ્વારા લોકોના પ્રશ્નોનું સ્થળ પર જ નિરાકરણ થશે**

જૂનાગઢ

જુનાગઢમા લોકસંવાદ સેતુ કાર્યક્રમ યોજાયો છે.

જુનાગઢ શહેરના શહેરીજનોને પ્રશ્નોના સ્થળ પર જ ઉકેલ આવે પડતર પ્રશ્નોનું નિરાકરણ થાય તે માટે મહાનગર સેવા સદન ધ્વારા મહાનગર સેવા સદન આઝાદ ચોક ખાતે તા. ૧૫/૧૧/૧૪ ના ચરોજ સવારે ૧૦-૦૦ કલાકે રાજય કક્ષાના મંત્રીશ્રી ગૈવિદભાઈ પટેલ ,કૃષિ અને પાણી પુરવઠા , વન અને પર્યાવરણના અધ્યક્ષસ્થાને લોક સંવાદ સેતુ કાર્યક્રમ નું આયોજન કરવામાં આવ્યું છે .

જુનાગઢ મહાનગરપાલીકા ધવારા તા. ૧૫/૧૧/૨૦૧૪ ના રોજ સવારના ૧૦-૦૦ કલાકે મહાનગરપાલિકા કચેરી ખાતે લોક સંવાદ સેતુ કાર્યક્રમ યોજાશે જેમાં મહાનગર પાલિકાને લગતા કોઈ પ્રશ્નો હોય તો તા. ૧૩/૧૧/૨૦૧૪ સુધીમાં પોતાના નામ, સરનામા ,મોબાઈલ નંબર સાથે આસિ. કમિશ્નર શ્રી ,એડી.એ.મ શાખા ,મહાનગરપાલિકા કચેરી, આઝાદ ચોક, જુનાગઢ ખાતે મોકલી આપવાના રહેશે આ કાર્યક્રમોમાં જે નાગરીક પ્રશ્નો રજુ કરવા માંગતા હોય તેઓએ વ્યાકિત દિઠ બે પ્રશ્નોની મર્યાદામાં પ્રશ્નો ફરીયાદ અરજી તા. ૧૩/૧૧/૨૦૧૪ ના સાંજના ૬/૧૦ સુધીમાં મોકલી આપવા કમિશ્નર શ્રી ધ્વારા અનુરોધ કરાયો છે.

## જાફરાબાદ સમસ્ત બ્રહ્મસમાજનું સ્નેહ મિલન યોજાયું



તસવીર-ફિરોજખાન -જાફરાબાદ

જાફરાબાદ,તા.૦૯-૧૧-૨૦૧૪ને રવિવાર ના રોજ જાફરાબાદ બ્રહમ સમાજનું ભવ્ય સ્નેહ મિલન યોજાયુ હતુ ,બ્રહમ સમાજના તમામ બાળકોને ભાનુદાદા જોષીની સ્મૃતિમાં નરેન્દ્રભાઈ જોષી તરફથી ઈનામો આપવામાં આવ્યા હતા. સાંજના ભોજન સભારંભમાં જાફરાબાદના તમામ બ્રહમ સમાજનાં કુંટુંબોએ સાથે મળી ભોજનની મઝા માણેલ તેમજ ભોજન દરમ્યાન શ્લોક અને હર-હર-મહાદેવના નારાથી સમગ્ર વાતાવરણ પવિત્રબનેલ હતુ રાત્રે સંતવાણી (ડાયરા) માં મુકેશભાઈ જોષી લાસા ભોજાભાઈ ભરવાડ ,અશોકભાઈ વ્યાસ ઉનાવાળા તેમજ કિંજલબેન ગોહિલ ગીરગઢડાવાળાએ ભવ્યભજનો ની રમઝટ બોલાવી જાફરાબાદ ની પ્રજાને આનંદીત કર્યા હતા. આ કાર્યક્રમના મુખ્ય યજમાન ,જીતેષભાઈ મગનલાલ જાની તેમજ ભરતભાઈ વૈકુંઠભાઈ જાની હૈદરાબાદ વાળા તેમજ રાજકોટથી બંકીમભાઈ મહેતા એ ખાસ હાજરી આપી હતી.કાર્યક્રમ દરમ્યાન શ્રી મહેશદાદા એ હાંકલ કરી તમામ બહમસમાજના નાનામાં નાના વર્ગના કુટુંબોને તમામ પ્રકારનો સાથ સહકાર ગમે ત્યારે મળી રહેશે તેઓના આ શબ્દોથીસમગ્ર હોલ તાળીઓના ગડગડાટથી ગુંજી ઉઠેલ હતો સમગ્ર કાર્યક્રમને પ્રાણ પુરવા બ્રહમ સમાજના વડીલો તેમજ કાર્યકરો શ્રી જયેશભાઈ ઠાકર ,મહેશ દાદા ,વિજયભાઈ જોષીની આગેવાની નીચે જાફરાબાદ યુવા બ્રહમ સમાજના પ્રમુખ જીજ્ઞેશભાઈ જાની ,સંજયભાઈ પંડયા ,નરેશભાઈ પંડયા, વિનોદભાઈ જોષી હાર્દિક, યશવંતભાઈ ભટ્ટ ,સચીન મહેતા ,નીરવ ઠાકર રાજયગુરૂ ,ભરતભાઈ , બામટા ,સંજય ગુરૂ,ધર્મેન્દ્ર પંડયા ,કીરીટ મહારાજ તથા તમામ નામી અનામી બ્રહમ યુવાનો જહેમત ઉઠાવેલ હતી આ પ્રસંગે જાફરાબાદની તમામ જ્ઞાતીના આગેવાનો હાજરી આપી પ્રસંગની શોભા વધારી હતી તેમજ રાજુલા તથા ખાંભાના બ્રહમસમાજના આગેવાનો પણ હાજરી આપેલ હતી તેમજ જાફરાબાદ વેપારી એશોશીએશન ના હોદેદારો સર્વશ્રી હર્ષદભાઈ મહેતા,જીતુભાઈ સોની ,લાલાભાઈ પરમાર ખાસ હાજરી આપેલ હતી તથા પ્રસંગની શુભેચ્છા સંદેશ શ્રીવેદાંગ મુલાણી તથા સુરેશભાઈ મહેતા મારૂતી કુરીયર જાફરાબાદ મોકલેલ હતો સમગ્રકાર્યક્રમ નું સચાલન યુવાન કાર્યકર શ્રી નીરવ રસીકલાલ જાની કરેલ હતુ.

## સુરત અને જૂનાગઢમાં બ્રહ્મસમાજનાં પસંદગી મેળા

**અખિલ ગુજરાત બ્રહ્મયુવા પરિષદની તડામાર તૈયારીઓ**

અમરેલી,સુરત અને જૂનાગઢમાં બ્રહ્મસમાજનાં પસંદગી મેળાઓનું આયોજન કરવામાં આવ્યું છે.

અખિલ ગુજરાત બ્રહમયુવા પરિષદ ,સાવરકુંડલા આયોજિત સમસ્ત બ્રહમસમાજનો રાજય કક્ષાનો ૬૧મો જીવનસાથી પસંદગી મેળો આગામી ડિસેમ્બરે,૨૦૧૪માં સુરત ખાતે યોજાશે.જયારે સાવરકુંડલા તાલુકા સમસ્ત બ્રહમ-સમાજ તરફથી સમાસ્ત બ્રહમ સમાજનો રાજયકક્ષાઓ ૭(સાત) મો જીવન સાથી ખાતે યોજાશે. પ્રવેશફોર્મ તથા માહીતીપત્ર મેળવવા માટે(૧) જગદિશભાઈ જોષી કે. હરીભાઈ હોલ, બીજા માળે ડો. યાજ્ઞિક રોડ, રાજકોટ ફોન (૦૨૮૧) ૨૪૮૦ ૮૫૪અથવા(૨) નિંરજન ફોટો સ્ટોર હાઈકોર્ટ રોડ, ભાવનગર મા`.૯૪૨૬૨૪૬૦૫ અથવા (૩) પરેશભાઈ વ્યાસ : માં આશાપુરા જયોતિષ તત્વધામ, ૧૦૫ હરીકૃષ્ણ કોમ્પલેક્ષ ટીબાવાડી બાયપાસ, મધુરમ,જુનાગઢ મા`. ૯૮ ૯૮ ૨૩ ૯૨૫૪ અથવા (૪) પ્રો.ત્રિવેદીઃ શિવજીકુંવરસિંગની શેરી, પોસ્ટ ઓફિસ સામે ,સુરત વધુ માહીતી માટે ધર્મશંકરભાઈ ભટ્ટ-સાવરકુંડલા મો.૯૮૭૯૬૮૭૬૨૨નો સંપર્ક.

## છારોડી ગુરુકુલમાં અષ્ટ શાસ્ત્રોનું અનુષ્ઠાન

**ૠષિમહર્ષિઓ દ્વારા સિધ્ધ કરેલ મંત્રની શકિત અગાધ હોય છે જે સતત જપવાથી મંત્રો ફળદાયક થાય છે : સ્વામી માધવપ્રિયદાસજી**



અમદાવાદ, ભગવાન શ્રી સ્વામીનારાયણે શિક્ષાપત્રીમાં આઠ સત્શસ્ત્રો જેવા કે વેદ ,વ્યાસ સુત્ર, વિષ્ણુ સહસ્ત્રનામ, શ્રીમદ્ ભગવત ગીતા ,શ્રીમદ્ ભાગવત ,વાસુદેવ માહાત્મ્ય ,વિદુર નીતિ ,યાજ્ઞવલ્કય સ્મૃતિ ,માન્ય ગણ્યા છે. અને આ આઠ શાસ્ત્રો તેમજ વચનામૃત ,શિક્ષાપત્રી, જનમંગળ ,સર્વમંગળની પુરશ્વરણ ,પારાયણ અને અભ્યાસ કરવાની આજ્ઞા કરી છે.વેદ વ્યાસ ભગવાને ઉપરોકત શાસ્ત્ર રચી ભારતીય સંસ્કૃતિને અદ્યાપિ પર્યત જીવંત રાખી છે. આ શાસ્ત્રોનું જતન અને પૂજન કરવું એ હિન્દુઓની ખાસ ફરજ છે. ઉપરોકત શાસ્ત્રોના પૂજન કે અનુષઠાન મન અને ઈન્દ્રીયોને વશ રાખી કરવામાં આવે તો મનોવાંછીત ફળ મળે છે. આવા શુભ હેતુથી વિશ્વ શાંતિ અને ભગવત પ્રસન્નતાર્થ પૂ. શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામી તથા પુરાણી શ્રી બાલકૃષ્મદાસ જી સ્વામીની હાજરીમાં યજ્ઞ પરાયણ જેનું જીવન છે એવા પૂ. પુરાણી ભકિતપ્રકાશદાસજી સ્વામીના માર્ગદર્શન નીચે ઉપરોકત શાસ્ત્રોનું અનુષ્ઠાન અને સંહિતા પાઠ છારોડી શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષઠાનમના પરિસરમાં આંબળાના વનમાં વેદ વિધિ પ્રમાણે તા. ૧૦ નવેમ્બરથી શરૂ કરવામાં આવેલ છે. શરૂ આતમાં પવિત્ર ભુદેવો દ્વારાશાસ્ત્રોકત વિધિ પ્રમાણે ગણપતિ આદિ દેવોનું ષોડશોપચાર સાથે પૂજન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ પૂ. માધવપ્રિયદાસજી સવામી તથા પુરાણી ભકિતપ્રકાશદાસજી સ્વામીએ ભગવાન શ્રી સ્વામિનારાયણ શિક્ષાપત્રીમાં કથિત આઠ સત શાસ્ત્રોનો મહિમા સમજાવ્યો હતો અને જણાવ્યું હતું કે શ્રી સ્વામિનારાયણ મહામંત્ર બળવાન છે જે જપવાથી સર્વ મનોકામના પૂર્ણ થાય છે. મહાન મંત્રદ્રષ્ટા ૠષિ મહર્ષિઓ દ્વારા સિદ્ધ કરેલ મંત્રોમાં અમોઘ શકિત રહેલ છે. જે મંત્રો વારંવાર જપવાથી મંત્રો ફળદાયક થાય છે. અને મનોવાંછીત ફળ આપે છે અને આત્મવિશ્વાસ વધારે છે.આ અનુષ્ઠાનની તા. ૧૫ નવેમ્બરે પૂર્ણાહૂતિ બાદ તા. ૧૭ નવેમ્બર સુધી મહાવિષ્ણુયોગ કરવામાં આવશે.

## સાવરકુંડલા રૂરલ પોલીસ મથકનું ટુંક સમયમાં લોકાર્પણ યોજાશે

**ઉચ્ચ ગુણવતા, હાઈટેક નવા પોલીસ સ્ટેશનની ઈસરોના પ્રતિનિધિ મંડળે પણ મુલાકાત લીધી હતી**





સાવરકુંડલા,

સાવરકુંડલા રૂલર પોલીસ મથક આધુનિક યુગનું રળીયામણું અને હાઈટેક બનાવવામાં આવેલ છે. ઉચ્ચ ગુણવ ાાનું બાંધકામ જોવા ઈસરોનું પ્રતિનિધિ મંડળ પણ મુલાકાત લઈ ચુકયુ છે. જયારે આ રૂબર પોલીસ મથક ટુંક સમયમાં લોકાર્પણ થશે જે માટે પોલીસતંત્ર દ્વારા ઉદ્‌ઘાટનની તડામાર તૈયારી થઈ રહી છે.

सत्यमेव जयते
AVADH TIMES DAILY
# અવધ ટાઇમ્સ
સૌરાષ્ટ્ર આવૃતિ
AVADH TIMES GROUP
પાના નં. ૮ અમરેલી તા.૧૩-૧૧-૨૦૧૪ ગુરુવાર






## અમરેલી તાલુકા પોલીસે નામચીન બુટલેગરનો કબ્જો મેળવ્યો

### સૌરાષ્ટ્રના બુટલેગર યોગેશ ખેરની પુછપરછ બાદ જેલ હવાલે કરાયો

અમરેલી,અમરેલી જિલ્લામાં નામચીન બુટલેગરની છાપ ધરાવતા યોગેશ બટુક વાળંદને તાલુકા પોલીસે કબ્જો મેળવી પુછપરછ કર્યા બાદ કોર્ટમાં રજુ કરતા જેલ હવાલે કરેલ છે.

અમરેલી જિલ્લાના પ્રોહી બુટલેગર યોગેશ બટુક વાળંદ રે. અમરેલી થોડા મહિનાઓ પહેલા જાફરાબાદના મીતીયાળીના ઈંગ્લીશ દારૂના ગુનામાં ઝડપાયા બાદ તાલુકા પોલીસે ટ્રાન્સફર વોરંટથી કબ્જો મેળવી પુછપરછ કરી કોર્ટમાં રજુ કરતા કોર્ટે જેલ હવાલે કરેલ છે.

## જિલ્લામાં દારૂની રેઈડમાં મહિલા સહિત પાંચ ઝડપાયા

### પોલીસે સાત સ્થળોએ રેઈડ પાડી દારૂ અને આથાનો મુદ્દામાલ કબ્જે લીધો

અમરેલી,અમરેલી જિલ્લામાં પોલીસ દ્વારા પ્રોહી રેઈડ દરમિયાન સાત

(અનુસંધાન પાનાનં.૭)

જોષી પરીવાર આયોજીત પીતૃના મોક્ષાર્થે
ભાગવત સપ્તાહનું ભવ્ય આયોજન કરેલ છે
તો તેમા વ્યાસપીઠ ઉપર
શાસ્ત્રીશ્રી રાકેશભાઇ ભટ્ટ
સુર સંગીત સાથે કથાનું રસપાન કરાવશે
કથા પ્રારંભ તા.૧૬-૧૧- થી ૨૨-૧૧ સુધી
સમય ૯ થી ૧૨ અને બપોરે ૩ થી ૬ રાખેલ છે
તો ધર્મ પ્રેમી જનતાઓ કથાનો લાભ લેવા પધારશો.
::: કથા સ્થળ :::
આરાધના પાર્ટી પ્લોટ
છતડીયા રોડ, રાજુલા, શ્વાનજ્યોત સ્કુલની બાજુમાં સવિતા નગર સોસાયટી
ભારતીબેન ભાસ્કરભાઇ જોષી
તથા જોષી પરીવાર




હરસ, મસા, ભગંદર, ફિશરની સંપૂર્ણ સારવાર
૦ શું તમે મળમાર્ગના રોગોમાં નિદાન વગરની જાતભાતની દવા , કેપ્સ્યુલ અને ફાકી લઇ કંટાળી ગયાછો ? ૦ શું તમે મળમાર્ગમાં થતો દુઃખાવો, લોહી પડવું વગેરે ચિન્હોને સામાસ્ય સમજો છો ? ૦ શું તમે મળમાર્ગના રોગો જેવા કે હરસ ,ફિશર અને મસાથી કંટાળી ઓપરેશન કરવવાનું વિચારી રહ્યા છો ? ૦ શું તમે મુંઝવણમાં છો કે તમે ખરેખર મળમાર્ગના કયાં રોગથી પીડાવ છો ? ૦ શું તમે ભગંદર જેવા જટીલ રોગના ઓપરેશનની બીક લાગે છે ?
આ બધી તકલીફોના સાચા જવાબ ,ચોકકસ નિદાન તેમજ નિવારણ માટે અમરેલીમાં અદ્યતન હોસ્પિટલ એટેલે
ૐકાર એનોરેકટલ કલીનીક
પહેલામાળે, લીવરપુલ શો -રૂમની બાજુમાં,ભીડભંજન મહાદેવ મંદિર પાસે, લીલીયા રોડ, અમરેલી મો. ૯૮૯૮૭ ૧૩૮૪૧
બહાર ગામના દર્દીઓએ ફોન પર એપોઇન્ટમેન્ટ લઇને આવવું






તુરંત પ્રવેશ
એ.એન.એમ. (બે વર્ષનો કોર્ષ)
જી.એન.એમ. (સાડા ત્રણ વર્ષનો કોર્ષ)
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ જેશીંગપરા મુ. અમરેલી સંચાલીત કિષ્નાબેન મુકેશભાઇ જાની સ્કુલ ઓફ નર્સિંગ જેશીંગપરા . અમરેલી મા એ.એન.એમ તથા જી. એન. એમ .કોર્ષમાં વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ શરુ હોય યોગ્ય લાયકાત ધરાવતા વિદ્યાર્થીઓ તથા તેમના વાલીઓએ નીચે જણાવેલ સરનામે રુબરુ તાત્કાલીક સંપર્ક કરવો.
પ્રવેશ મેળવવાનું સ્થળ
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ
જેશીગપરા મુ. અમરેલી સંચાલીત કિષ્નાબેન મુકેશભાઇ જાની સ્કુલ ઓફ નર્સિંગ,
જેશીગપરા, ધારી રોડ, અમરેલી
ફોન નં - ૯૪૨૬૨ ૨૯૬૭૧ , ૯૮૨૪૯૦૦૨૯૭





















